મોડાસાના કુડોલ ગામે ૧૦ એકર જમીન સરકાર હસ્તક થયા પછી માલિકોએ કબ્જો જમાવતા હોબાળો

કુડોલના વણકર સમાજના લોકોએ જિલ્લા કલેક્ટર અને ધારાસભ્યને આવેદનપત્ર આપ્યુ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના કુડોલ ગામે ૧૯૫ એકર અને ૩૧ ગુંઠા જમીન માલિકોની

જંગલવાળી જમીન ૧૯૭૩ની સાલમાં સરકારને સુપ્રત કરતા વનવિભાગ તંત્ર દ્વારા જમીનનો કબ્જો મેળવી આ જમીનમાંથી ૧૦ એકર જમીન ગામના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાને રાખી વિકાસ અને ઘરથાળી પ્લોટ માટે ગામ લોકોની માંગણી મુજબ ગામ તળે રાખી અન્ય જમીન પર વનવિભાગ દ્વારા વન ઉછેર કરવામાં આવતો હતો. આ જમીન વણકર સમાજના ફળીયા નજીક હોવાથી તેનો ઉપયોગ ઘાસચારો અને અન્ય ઉપયોગ કરવામાં આવતો હતો. પરંતુ થોડાક સમય અગાઉ મૂળ માલિકોદ્વારા તારની વાડ અને જમીન પર ઓરડો કરી હક જમાવતા વણકર સમાજના લોકોએ વાંધો ઉઠાવી જિલ્લા કલેક્ટર અને મોડાસાના ધારાસભ્યને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને ન્યાયની માંગ કરતા જિલ્લા કલેક્ટરે મામલતદારને તપાસનો આદેશ આપતા મામલતદાર કચેરી દ્વારા તાત્કાલિક ગામ જઈ તપાસ હાથ ધરી હતી.

કુડોલ ગામના વણકર સમાજના ફળિયાને અડીને આવેલી સર્વે નં-૨૨૭ જેનો જૂનો સર્વે નં-૧૨૭ ની ખાડા ટેકરા અને ડુંગરાળ ૧૯૫ એકર અને ૧૦ ઠાકોર નારસિંહ ગુલાબસિંહ, ભગવાનસિંહ તખતસિંહ અને કિશોરસિંહ મુળસિંહની ખાનગી માલિકીની જંગલની જમીન તા.૧-૮-૧૯૭૩થી જમીન સરકાર હસ્તક કરવામાં આવતા સરકાર દ્વારા તા.૪-૯-૧૯૭૪ રોજ કબ્જો મેળવી લીધા બાદ તા.૧૦-૧૨-૧૯૮૫ના રોજ અધિકારીઓની મળેલ બેઠકમાં ૧૦ એકર જમીન કુડોલ ગામના લોકો માટે વિકાસ અને ઘરથાળ પ્લોટ ફાળવી ૧૮૫ એકર ૧૦ ગુંઠા જમીન વનવિભાગ તંત્ર દ્વારા વન ઉછેર માટે સોંપી હતી. ત્યારબાદ ૧૦ એકર જમીન કુડોલ ગામના વણકર સમાજના લોકો ઘાસચારા માટે ઉપયોગ કરતા હતા. પરંતુ ઉપરોક્ત જમીન ૨૪-૫-૨૦૦૧ નોંધ નં-૧૨૮૩ ઠાકોર પ્રવિણસિંહ જસવંત સિંહ,ગુણવંતસિંહ મુળસિંહ અને તસવીરસિંહ ભગવાનસિંહ નામની નોંધ મામલતદાર કરતા થોડા સમય અગાઉ નોંધ કરેલ વ્યક્તિઓએ ૧૦ એકર જમીન પર તારની વાડ કરી દઈ ઓરડી બનાવી કબ્જો જમાવતા ગામતળ હેઠળ રહેલી જમીન પરત મેળવવા કુડોલ ગામના લોકોએ જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ અને મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોરને આવેદનપત્ર આપી યોગ્ય તપાસની માંગ કરી ન્યાય મેળવવા ગાંધીચીંધ્યા માર્ગે આંદોલનની ચીમકી ઉચ્ચારાતા જિલ્લા કલેક્ટરે મામલતદારને તપાસના આદેશ આપતા મામલતદાર સહીત તેમની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસનો ધમધમાટ શરુ કર્યો હતો.

પેથાપુરમાં લાઈટબીલ ભરવા બાબતે ઝઘડો

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર તાલુકાના પેથાપુર ગામે શુક્રવારે ઘરનું લાઈટબીલ ભરવાના પૈસા બાબતે ત્રણ જણાએ એક ઈસમ પર હુમલો કરી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પેથાપુર ગામના વિષ્ણુભાઈ વાલાભાઈ ભાંભીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તેમના ભાઈ નરેશભાઈ વાલાભાઈ ભાંભી, વાલાભાઈ અળખાભાઈ ભાંભી અને અલ્પાબેન નરેશભાઈ ભાંભી વચ્ચે ઘરનું લાઈટબીલ ભરવા બાબતે બોલાચાલી થઈ હતી. બીજી તરફ વિષ્ણુભાઈ ભાંભીના ભાડાના મકાનમાં અને તેમની બાજુમાં આ ત્રણેય જણા રહેતા હોવાથી લાઈટ ભાડુ ચઢ્યુ હોવા છતાં ભરતા ન હતા. જેથી આ ત્રણેય જણાએ ગમે તે કારણસર ઉશ્કેરાઈ જઈ વિષ્ણુભાઈ પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વિષ્ણુભાઈએ ત્રણેય જણા વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

હિંમતનગર પાલિકાનો અંધેર વહિવટ લાખો રૂપીયાની પાઈપો ધૂળ ખાય છે

ટાવરરોડ અને ખાડીયા વિસ્તારમાં પડી રહેલી પાઈપોથી પ્રજાને અગવડ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગર નગરપાલિકામાં વર્ષોથી ભાજપ એક હથ્થુ શાસન ભોગવી રહ્યુ હોવાને કારણે નગરપાલિકામાં વર્ષોથી ચૂંટાતા સભ્યોને જાણે કે તાગડધિન્ના કરવાનો પરવાનો મળી ગયો હોય તેવી છાપ નગરજનોમાં ઉપસી રહી છે. ત્યારે વિકાસકામોને નામે આરંભેશુરા મુજબ લાખો કરોડો રૂપિયા પાલિકાની સામાન્યસભામાં બહુમતિના જોરે મંજૂર કરીને તારૂ મારૂ સહિયારૂ ગોઠવીને વિકાસકામો માટે કોન્ટ્રાક્ટરોને કામ આપી લાખો કરોડોની ખરીદી કરાવે છે પરંતુ પાલિકાના ભ્રષ્ટ પદાધિકારીનો સ્વાર્થ સિદ્ધ થઈ જાય પછી નગરજનોની પરવા કરતા નથી. જેનો ઉત્તમ નમુનો હિંમતનગરના ટાવરરોડ પર તથા ખાડીયા વિસ્તારમાં ગણા સમયથી પડી રહેલી પાઈપોનો જથ્થો છે.

આ અંગેની વિગત એવી છે કે હિંમતનગરમાં રહેતા નગરજનોને પીવાનું પાણી પુરતા પ્રેશરથી અને સમયસર મળે તે માટે નવરાત્રી અગાઉ ટાઉનહોલ પાસે મોટા ઉપાડે પાણીની ઓવરહેડ ટાંકી બનાવવામાં આવી હતી જેમાંથી વિવિધ વિસ્તારોને પાણી પહોંચાડવાનું કાગળ પર આયોજન કરાયુ હતુ. જેના ભાગરૂપે પાલિકાએ લાખો રૂપીયાની પાઈપો ખરીદી છે પરંતુ કોણ જાણે કેમ પાઈપ લાઈનનું આ કામ આગળ વધતુ નથી.

બીજી તરફ લોક મુખેથી સાંભળવા મળતી માહિતી મુજબ ખાડીયા વિસ્તારમાં જે પાઈપો પડી રહી છે તે પાઈપ જૈન વાડી પાસે નાખવાની છે પરંતુ અહિંથી પસાર થતી ગટર લાઈન ખુબજ અડચણ રૂપ હોવાને કારણે કામ આગળ વધતુ નથી. તેથી પ્રશ્ન એ થાય છે કે જ્યારે આ પાઈપ લાઈન નાખવાનું આયોજન કરાયુ હશે ત્યારે પાલીકાના સંલગ્ન વિભાગના અધિકારીને જાણ કરીને માહિતી કેમ મેળવવામાં આવી નથી તે પ્રશ્ન છે. ખાડીયામાં પડી રહેલી આ પાઈપો એક તો જગ્યા વધુ રોકે છે જેના કારણે અવરજવર કરતા રાહદારીઓ અને વાહનચાલકોને નાહકની અગવડ ભોગવવી પડે છે. તથા અહીં આ વિસ્તારમાંથી અનેક લોકો કચરા પેટી સમજીને કચરો ગમેતેમ ફેંકી દેતા હોવાને કારણે ગંદકી અને મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે.

ટાવરરોડ પર મોલની સામે મહિનાઓથી પડી રહેલી પાઈપોને કારણે વાહનચાલકોને તેમના વાહનો પાર્ક કરવા માટે જગ્યા મળતી નથી. ખાડીયામાં પણ આજ સ્થિતિ હોવાને કારણે દિવસ દરમિયાન અનેક વાહનચાલકો ગમે ત્યા વાહન પાર્ક કરીને જતા રહેતા હોવાથી મુશ્કેલીને બદલે અગવડોની અગવડોની હારમાળા સર્જાઈ જાય છે. ત્યારે પાલિકાના સત્તાવાળાઓએ આ દિશામાં તપાસ કર્યા બાદ ઠોસ કાર્યવાહી કરવી જોઈએ અને વાહનચાલકોને પડતી મુશ્કેલી અંગે હકારાત્મક કાર્યવાહી કરવી જોઈએ તે સમયની માંગ છે.

થરાદની કોલેજની વિદ્યાર્થિનીઓએ બસ ફાળવવા બાબતે આવેદનપત્ર આપ્યું

વિદ્યાર્થિનીઓને દોઢેક કિમી કોલેજ સુધી ચાલતાં જવું પડે છે

થરાદ શહેરથી મીઠા રોડ પર દોઢ કિમીના અંતરે સરકારી કોલેજ આવેલીછે.નગર અને ગામડાંના

અસંખ્ય વિધાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અપડાઉન કરતી હોય છે.જેમને કોલેજ ના દરમિયાન બસની વ્યવસ્થા ના હોવાના કારણે ભારે હાલાકીઓનો સામનોનો કરવો પડતો હોય છે.ઘણી વખત વિદ્યાર્થિનીઓને રીક્ષા કે બસમાં ભાડુ ખર્ચીને અપડાઉન કરવું પડતું હોય છે.આ અંગે અવાર નવાર થરાદ ડેપો મેનેજરને રજૂઆત કરવા છતાં પણ કોઈ પગલાં ભરવામાં આવતા નથી.આથી હાલાકી ભોગવી રહેલી રાજ્યની વિદ્યાર્થિનીઓએ શનિવારે થરાદની પ્રાંતકચેરીમાં આવેદનપત્ર આપ્યું હતું.

જેમાં તેમણે તેમની સલામતી અંગે રજુઆત કરતાં જણાવ્યું હતું કે તેમને સવારે આઠ વાગ્યે અને બપોરે એક વાગ્યાના સમયે દરમિયાન જો બસની વ્યવસ્થા થાય તો અપલોડ કરવામાં ઘણી બધી સરળતા રહે તેમ છે. નોંધનીય બાબત એ પણ છે કે તાજેતરમાં થરાદ પોલીસ સ્ટેશન ખાતે યોજાયેલા લોકદરબારમાં વિદ્યાર્થિનીઓને કેટલાક રોમીયો પરેશાન કરતા હોવાની પણ રજૂઆત કરવામાં આવી હતી.આ અંગે પ્રાંત કચેરીના શિરસ્તેદાર આર પી ગોહિલે બસ બાબતે યોગ્ય કરવા ડેપો મેનેજરને ભલામણ કરવામાં આવશે તેવી વિદ્યાર્થિનીઓને હૈયાધારણ પણ આપી હતી.

ખેડબ્રહ્મા પોલીસે બાઈક ચોરીમાં બે આરોપીઓ ઝડપ્યા

ખેડબ્રહ્મા, તા. ૨૦

ખેડબ્રહ્મા પોલીસે થોડા સમય અગાઉ ૧૯ બાઈક સાથે કોટડા ગળીના મુકેશભાઈને ઝડપી પાડ્યો હતો.

જેમાં તેને બે ઈસમોને નામ આપ્યા હતા. જેમને અંબાજી પોલીસે પકડી પડતા ખેડબ્રહ્મા પોલીસે બાઈક ચોરીના વધુ ગુના ઉકેલવા માટે બન્ને ચોરીમાં સંડોવાયેલા હોઈ ગોવિંદભાઈ લાલભાઈ ચૌધરી અને જયંતીભાઈ ધર્મભાઈ ગમાર બંને રહે. કોટડા ગઢીને પકડી લાવી ખેડબ્રહ્મા કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરતા કોર્ટે બંને આરોપીઓના સોમવાર સવાર સુધીના રિમાન્ડ મંજુર કર્યા હતા. આને લઈને વધુ ગુનાઓનો ઉકેલ મળી રહે.

કમલમ્ ખાતે આનંદીબેન પટેલનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર,તા. ૨૦

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું આજે ભાજપા ઓફિસ કમલમ ખાતે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ અને કેબિનેટના અન્યો સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આનંદીબેન પટેલે આ સન્માન કાર્યક્રમમાં સંઘથી લઈને રાજકારણ સુધીના તેમના અનુભવ અંગે માહિતી આપી હતી. આનંદીબેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા બાદ ગુજરાત સરકાર તરફથી ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના અભિપ્રાય આપ્યા હતા. રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાતમાંથી વજુભાઈ સહિત ઘણા રાજ્યપાલ બની ચુક્યા છે. આનંદીબેનને રૂપાણીએ શુભેચ્છા પાઠવી હતી. આનંદીબેને આ પ્રસંગે પોતાના અનુભવની વાત કરી હતી. આનંદીબેન પટેલને રાજ્યપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવ્યા બાદથી ગુજરાતના

રાજકારણમાં આની ચર્ચા જોવા મળી રહી છે. ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે આનંદીબેને ઉલ્લેખનીય સેવા આપી હતી. મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ની સરકાર ચાલી રહી છે. ભાજપ સરકાર હોવાથી આનંદીબેને ને કામ કરવામાં સરળતા પઠી સકે છે. આનંદીબેને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ઉલ્લેખનીય કામગીરી અદા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન આનંદીબેન પટેલની ગઈકાલે મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. રાજ્યપાલ બનવા માટે આનંદીબેન પટેલ પણ તૈયાર થયા બાદ આની જાહેરાત કરવામાં આવી હતી. આનંદીબેન પટેલ રાજકીય ક્ષેત્રે વ્યાપક અનુભવ ધરાવે છે. ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે લાંબી સેવા આપી ચુક્યા છે. આનંદીબેન પટેલ ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યપ્રધાન બનવાનુ ગૌરવ ધરાવે છે.

થરાદ પાલિકાના પુર્વ પ્રમુખના પતિ પર હુમલો

સામાન્ય બાબતની બોલચાલીમાં સોસાયટીના રહીશે પથ્થર ફટકાર્યાનું ચર્ચાસ્પદ

થરાદના વોર્ડ નંબર એક માંરહેતા થરાદ નગરપાલિકાના પુર્વપ્રમુખ અને વર્તમાન

સદસ્યાકલાવતીબેન નઝારના પતિ પીરાભાઈ નઝાર શુક્રવારની સાંજેતેમના વિસ્તારમાં ચાલતી રોડની કામગીરી નિહાળવા માટે ગયાહતા.દરમ્યાન તેમને સોસાયટીમાં રહેતા એક (રહીશ) શિક્ષક સાથેગટરલાઈન જેવા કામ બાબતની સામાન્ય બાબતે બોલાચાલીથતાં મામલો બિચકતાં ઝપાઝપી થવા પામી હતી

જોકે મામલો આગળ ન વધે તે માટે ત્યાં કામ કરતા મજુરોએપીરાભાઈ નઝારને પકડી રાખી સમજાવટનો પ્રયાસ કરતા હતા.આવખતે ઉશ્કેરાયેલા શિક્ષકે પાછળથી પથ્થર મારતાં પીરાભાઈનામાથામાં ગંભીર ઈજા થતાં લોહી નિકળવાના કારણે તેઓઅર્ધબેભાન જેવા થવા પામ્યા હતા.જેમને સારવાર માટે રાતેશહેરની સરકારી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં માથામાં ઈજાના કારણે ત્રણ ટાંકા પણ આવ્યા હોવાનું જાણવામળ્યુંહતું.જોકે પીરાભાઈ નઝાર પણ પીડબલ્યુડી વિભાગમાંફરજ સરકારી તરીકેફરજ બજાવેછે. જ્યારે સામે હુમલો કરનારપણ શિક્ષક હોઈ બંન્ને સરકારી કર્મચારીઓ વચ્ચે માથાકુટ થતાંનગરમાં ચર્ચા ટોકઓફ ધ ટાઉન બનવા પામી હતી. સમાજના આગેવાનોએ મધ્યસ્થી કરી સમાધાનના પ્રયાસો શરૂ કર્યા હોવાનું પણ જાણવા મળ્યુંહતું. જોકે પોલીસ દફતરે આ બનાવની કોઈ ફરીયાદ નોંધાવા પામીનહી હોવાનું પોલીસસુત્રોએ જણાવ્યું હતું.

યુદ્ધ જેવી સ્થિતિ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

બીજી બાજુ પાકિસ્તાની સૈનિકોએ ભારતના રહેણાક વિસ્તારો અને સીમા ચોકીઓને નિશાન બનાવતાં બે નાગરિકનાં મોત થયાં છે અને અન્ય ૩૫ ઘાયલ થયા છે. શુક્રવારે રાત્રે પાકિસ્તાને અરનિયા, સુચેતગઢ, આરએસ પુરા, પરગવાલ, કાનાચક અને અખનૂરના ઘરખાલ વિસ્તારમાં યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. જમ્મુના કાનાચક વિસ્તારમાં એક નાગરિક જખમી થયાના સમાચાર છે. વળતી કાર્યવાહી ભારતીય સેનાએ સાંબા, આરએસ પુરા અને હીરાનગર સેક્ટર પર પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડ્યું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરહદ પાર શક્કરગઢ અને સિયાલકોટ વિસ્તારમાં આઠ પાકિસ્તાની નાગરિક અને રેન્જર માર્યા ગયા છે. પાકિસ્તાને વરસાવેલા મોર્ટાર અને ગોળાઓમાં અત્યાર સુધીમાં બે નાગરિકનાં મોત થયાં છે, સાથે- સાથે ત્રણ દિવસમાં ત્રણ ભારતીય જવાન પણ શહીદ થયા છે.

પાકિસ્તાનની નાપાક હરકતને ધ્યાનમાં લઈ ઈન્ટરનેશનલ બોર્ડર પર પાંચ કિલોમીટરના દાયરામાં તમામ શાળા-કોલેજો બંધ કરી દેવામાં આવી છે. એલઓસી પર તહેનાત મુલ્કી અધિકારીઓને સતર્ક રહેવા આદેશ કરવામાં આવ્યો છે.

આર્મીના એક અધિકારીએ જણાવ્યું હતું કે પાકિસ્તાની દળોએ ગઈ કાલ સાંજે ૬-૩૦ કલાકથી અંકુશરેખા પર સુંદરબની સેક્ટરમાં કોઈ પણ જાતની ઉશ્કેરણી વગર નાનાં શસ્ત્ર, સ્વયં સંચાલિત હથિયાર અને મોર્ટારથી અંધાધૂંધ ફાયરિંગ કર્યું હતું, જેનો ભારતીય આર્મીએ જડબેસલાક જવાબ આપ્યો હતો.

સરહદ પર પાકિસ્તાનની નાપાક હરકતો વધતા સરકાર સતર્ક થઈ ગઈ છે. જમ્મુના પાંચ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કરાયું છે. જમ્મુના કઠુઆ, સાંબા, પૂંછ, રાજોરી અને અખનૂર સેક્ટરમાં એલર્ટ જાહેર કરાયું છે.

સાથે જ પૂંછ અને કઠુઆમાં મેડિકલ સર્વિસ એલર્ટ પર છે. અહીં ૧૯૭ એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી છે. પાકિસ્તાન રહેણાક વિસ્તારને ટાર્ગેટ બનાવી ફાયરિંગ કરી રહ્યું છે. જેથી સંવેદનશીલ વિસ્તારોમાંથી લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે.

જોકે બીએસએફએ પાકિસ્તાનને આપેલા વળતા જવાબમાં પાકિસ્તાનના નવ વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. પાકિસ્તાનના શકરગઢ, સિયાલકોટ ઉપરાંત બાજરા ગઢી, છપરાર, જબરવાલમાં પણ ભારે નુકસાન થયું છે. અહીંના ઘરો તૂટી ગયા છે. સાથે ઢોરઢાંખર પણ મરી ગયા છે.

સુનાવણી કરશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટના ચાર જજે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે મહત્વપૂર્ણ મામલામાં સીજેઆઈ વરિષ્ઠતાનુ ધ્યાન રાખતા નથી. રાષ્ટ્રીય મહત્વના સંવેદનશીલ મામલાને વરિષ્ઠ જજને સોંપવામાં આવી રહ્યા નથી. ચાર સિનિયર જજના આરોપ બાદ દેશમાં ખળભળાટ મચી ગયો હતો. સ્વતંત્ર ભારતમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ચીફ જસ્ટીસે કેટલાક મહત્વપૂર્ણ મામલાની સુનાવણી માટે રચવામાં આવેલી બંધારણીય બેંચમાં આ ચાર જજનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. ચીફ જસ્ટીસે આધાર કેસ, કલમ ૩૭૭ અને સજાતીય કેસ સહિત મહત્વપૂર્ણ મામલાની સુનાવણી માટે બંધારણીય બેંચની રચના કરી હતી. તેમાં જસ્ટીસ જે ચેલમેશ્વર, જસ્ટીસ રંજન ગોગોઈ, જસ્ટીસ એમબી લાકુર અને જસ્ટીસ કુરિયન જોસેફને સામેલ કરવામાં આવ્યા ન હતા. આ ચારેય જજે પત્રકાર પરિષદ યોજીને ચીફ જસ્ટીસની કાર્યપ્રણાલીની સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

અત્રે નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટના ચાર જજે જ્યારે મિડિયાની સામે આવીને તેમની રજૂઆત કરી ત્યારે દેશમાં સનસનાટી મચી ગઈ હતી. એ વખતે પણ જજ લોયાના મોત સંબંધિત મામલો ઉઠ્યો હતો.એ વખતે જસ્ટીસ કુરિયને કહ્યુ હતુ કે અમે આનો ઈન્કાર કરતા નથી. સુપ્રીમ કોર્ટમાં જજ લોયાના મોત સાથે સંબંધિત એક અરજી કોંગ્રેસના નેતા તહસીન પુનાવાલા દ્વારા દાખલ કરવામાં આવી ચુકી છે. બીજી અરજી મહારાષ્ટ્રના પત્રકાર દ્વારા દાખલ કરવામાં આવી છે. જજ લોયા સીબીઆઈના ખાસ કોર્ટમાં સોહરાબુદ્દીન બનાવટી એન્કાઉન્ટર કેસમાં ધ્યાન આપી રહ્યા હતા. આ હાઈપ્રોફાઈલ કેસમાં વર્તમાન ભાજપ અધ્યક્ષ અમિત શાહ સહિત ગુજરાતના કેટલાક મોટા અધિકારીઓના એક વખતે નામ હતા. આ મામલામાં અમિત શાહ નિર્દોષ જાહેર કરવામાં આવી ચુક્યા છે.

ડિસેમ્બર ૨૦૧૪માં નાગપુરમાં જજ લોયાનુ મોત થયુ હતુ. એવા હેવાલ આવ્યા હતા કે હાર્ટ અટેકના કારણે લોયાનુ નિધન થયુ હતુ. જો કે તેમના અવસાનને લઈને કેટલાક પ્રશ્નો સપાટી પર આવ્યા હતા. કોંગ્રેસ સહિત બીજી પાર્ટીઓએ તેમાં તપાસની માંગ કરી હતી. જજ લોયાના મોતના મામલે નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી હતી. જો કે સ્વર્ગસ્થ જજ લોયાના પુત્ર અનુજ લોયાએ હાલમાં જ પત્રકાર પરિષદ યોજીને કહ્યુ હતુ કે તેમને કોઈ પર શંકા નથી. પુત્રે કહ્યુ હતુ કે તેમના પિતાનુ અવસાન શંકાસ્પદ સ્થિતીમાં થયુ ન હતુ. અનુજે એમ પણ કહ્યુ હતુ કે બિનજરૂરી વિવાદ જગાવવાની જરૂર નથી. તેમણે તેમના પિતાના અવસાનના મામલે કોઈ પણ પ્રકારની તપાસની જરૂર હોવાનો ઈન્કાર કર્યો હતો. જો કે હાલમાં ચાર સિનિયર જજ દ્વારા આ મામલો ફરી એકવાર ઉઠાવવામાં આવ્યા બાદ રાજકીય ગરમી વધી ગઈ છે.

ઉજ્જડ હાલતમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમયથી હરિયાળી ગુમાવી દીધી છે. સેકટરોના ઉદ્યાનો ઉજ્જડ હાલતમાં છે. બગીચાઓની દરકાર લેવા માટે માળી પણ નથી. એક જમાનામાં સેકટરોની ઓળખ સમાન ગણાંતા બગીચાઓ બહારથી આવતા સહેલાણીઓ માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બનતા હતા. જયારે હાલ વેરાન બગીચાઓમાં રમત ગમતના સાધનો પણ જોવા મળતા નથી. રાત્રિના સમયે અંધારપટ્ટ છવાઈ જાય છે. જેના લીધે સેકટરવાસીઓ પણ સ્થાનિક બગીચાઓથી મોં ફેરવી રહયા છે. આવા સંજોગોમાં બગીચાઓની માફક બાગાયત તંત્રની હાલત પણ આવી જ છે.

બાગાયત તંત્ર મેન પાવરના અભાવે છેલ્લા ઘણાં સમયથી હાંસિયામાં ધકેલાઈ ગયુ હોય તેવી સ્થિતિ છે. બાગાયત તંત્ર પાસે બગીચાઓની માવજત માટે માળી તો નથી. પરંતુ વહીવટી અને ટેકનિકલ કામગીરી માટે પણ સ્ટાફ નથી. બાગાયત વિભાગની કચેરીના ડાયકેટર ડેપ્યુટેશન પર છે. જયારે બાગાયત અધિકારીની જગ્યા પણ ચાર્જમાં છે.

જેમની પાસે અન્ય પણ ચાર્જ છે. જયારે કચેરીમાં એગ્રીકલ્ચર, ટેકનિકલ વર્ક આશિષ્ટન્ટ સહીતની જગ્યાઓ ખાલી છે. શહેરના બગીચાઓની દરકાર લેવાની જવાબદારી જેના શીરે છે તેવા બાગાયત તંત્રની જ દશા ખરાબ છે.

હકાલપટ્ટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સાથે સાથે વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય પ્રમુખ રાઘવ રેડ્ડી પણ સંઘની યાદીમાં સામેલ છે. સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે આ ત્રણેય નેતાઓની કાર્યપ્રણાલીના કારણે સરકારને શરમજનક સ્થિતીમાં મુકાઈ જવાની ફરજ પડી રહી છે. જેથી સંઘના ટોપના નેતાઓ હાલમાં ભારે નારાજ દેખાઈ રહ્યા છે. એમ માનવામાં આવે છે કે આ બે સંગઠનના કાર્યકરોના વિશાલ નેટવર્કનો ઉપયોગ પણ સંઘની વિચારધારાના ફેલાવા માટે કરવામાં આવી રહ્યો નથી.

આંતરિક સુત્રોએ કહ્યુ છે કે ફેબ્રુઆરીના અંત સુધી વિહિપની કાર્યકારી બેઠક યોજાનાર છે. સંઘ અહીં રેડ્ડી, તોગડિયાને તેમના સમર્થકોની સાથે દુર કરીને નવા અધ્યક્ષની નિમણૂંક કરવાના પ્રયાસ કરી શકે છે. સુત્રોએ એમ પણ કહ્યુ છે કે સંઘના લોકો એવા લોકોને દુર કરવા માટે કમર કસી ચુક્યા છે જે ભાજપ સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સામે મોરચો ખોલી ચુક્યા છે. સંઘ ઈચ્છે છે કે તેમની સાથે જોડાયેલા સંગઠનો કેન્દ્ર સરકાર સાથે સંઘર્ષની સ્થિતીમાં ન ઉતરે.

તમામ મતભેદોને શાંતિપૂર્ણ રીતે દુર કરવાના પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. એમ માની લેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૧૯ની સામાન્ય ચૂંટણી દરમિયાન કેડર્સમાં કોઈ પણ પ્રકારની ભ્રમની સ્થિતી ઉભી કરવામાં ન આવે. આ જ કારણસર સંગઠનના સ્તર પર ફેરફાર કરવા માટેની તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. હાલમાં તોગડિયાએ મોદી પર સીધી રીતે પ્રહારો કર્યા છે.